દેખાવ ૪ થો—આ પ્રમાણે બન્યાને પાંચ મીનીટ પછી, મીઠાઈ-વાલો અઢીસો સમુસા ઝવેરીનાં કલાર્કને આપવા કરે છે. અને એક મીનીટ પછી તેઓ બંને જણાંઓ મોહલ્લામાં ઘેલાની પેઠે "પોલીસ પોલીસ" કરીને બરાડા પાડતા દોડતા દેખાય છે.

નાટક, ચાર અંકી સમાપ્ત.

પકવાન પોથીનો ઉપયોગ. ૧૨૬.

માજીસ્ટ્રેટ—બંધવા, તેં મરઘી શા માટે ચોરી ? સાચે સાચું બોલ.

બંધવો-સાહેબ, મને ડાકટરે મરઘીનો સેરવો પીવા માટે સલાહ આપી હતી. પણ સેરવો કેમ બનાવવો, તે મને ખબર ન હોવાથી, મેં એક "પકવાન પુસ્તક" લીધું. અને તેમાં સેરવો કેમ બનાવવો, તે વિશે વાંચી જોયું, તો પેહલીજ લીટીમાં લખ્યું હતું, કે એક મરઘી ખરીદ કરો, અગર એક મરઘી ઉછીની લેઓ. ફકત એક મરઘીજ લેવા લખ્યું હતું. માટે મેં પેહલીજ તકે એક મરઘી, કે જે મારા હાથમાં આવી તે લીધી. સાહેબ માફ કરો, મારી ચુક થઇ !

મફતનો લાભ લેનાર વહોરાજી. ૧૨૭.

વહોરાજી યુસુફઅલી એક વખત સુરતથી મુંબઇ ગયા,

અને એક બીજલશમાં જનાર હતા, ક્રાફર્ડ મારકીટ આગળ આવી પહોંચતાં, એક ચમારનો છોકરો હાથમાં બ્રશ પકડી પુછવા લાગ્યો, મીયાં સાહેબ, બુટને બલાકીંગ મરાવો છો ?

વહોરાજીનાં બુટ મેલાં તો બહુ હતાં, પણ પેસા કોણ ખરચે, તેથી ના પાડી.

સાહેબ, ફકત બે દોઢીઆમાં તમારા આરસી જેવાં બુટ કરી આપું ?

ના—ના—ના.

વારૂં, ચાલો મીયાં સાહેબ, મફત કરી આપું.

હું ! તારે તો ચાલ, કરી વહોરાજીએ પગ લાંબો કીધો, અને છોકરાએ બલાકીંગ લગાડી બ્રશ મારીને એક બુટ આરસી જેવું કીધું. વહોરાજીએ બીજું બુટ આગળ ધર્યું, એટલે છોકરો બોલ્યો.

બે દોઢીઆં પહેલાં મુક, પછી વાત.

વહોરાજીએ બોચી ખજવાલી બે દોઢીઆં કાઢી, બીજા બુટની પાલીસ કરાવી રસ્તે પડયા.

હવે થોડાજ બાકી છે. ૧૨૮.

ગુમાસ્તો—શેઠજી સાહેબ, આજ મારે જરા જવું છે, કૃપા કરી રજા આપશો ?

શેઠ—વળી શું છે ?

ગુમાસ્તો—સાહેબ, મારી કાકી મરી ગઈ છે, તેથી તેને મસાણે લઇ જવાનું છે.

શેઠ—તારૂં સત્યાનાશ થાય તારૂં. ગઇ દિવાળી પછી આ મુદ્દાં તારી ચાર કાકીઓ તો મરી ગઈ. અને હવે બીજી કેટલી બાકી છે!

ગુમાસ્તો—(રડવા જેવું મોઢું કરીને) ના સાહેબ, હવે કાકીઓ તો નથી રહી, પણ ચાર કાકા છે.

ટેલીફોનનો જોખમ. ૧૨૯.

નાનાંભાઇએ પોતાની ઓફીસમાં નવોજ ટેલીફોન મુકાવ્યો, અને પોતાને બંગલેથી વાત કરવા સારૂ પોતાના કલાર્ક ધનજીને બોલાવ્યો. શેઠે કંઇ કામ સંબંધી પુછયું, પણ ધનજીએ કોઇ દહાડો ટેલીફોન વાપરેલો નહીં. એટલે મોટો ઘાંટો કાઢી ઉત્તર આપવા લાગ્યો. તેના મનમાં એમ આવ્યું, કે શેઠ બે માઇલ દુર છે, એટલે બુમ પાડયા વગર સંભળાય નહીં.

શેઠે પાછો જવાબ મોકલ્યો, તારો એક બોલ સંભળાતો નથી.

ધનજીએ આથી વધારે ને વધારે બુમ પાડવા માંડી, આખરે થાકયો, ત્યારે રૂમાલ કાઢી પોતાનું કપાળ લુંછી

હળવેથી પોતાના દીલ સાથે બોલે છે, મારો નાહ્લો–બેહરો સુવો છે કે શું ?

પણ ધનજીની અજાયબીનો શું પાર ! ટેલીફોનમાંથી તુરત જવાબ આવ્યો, "નહીં ધનજી, હું બેહરો મુવો નથી, બધું સાંભળું છું. આવતી કાલથી તમે કામપર આવશો નહીં."

ચોખ્ખો ઇન્સાફ. ૧૩૦.

એક મીયાંના બે છોકરા હતા, તેમાંનો એક બડો ઉઠાવગીર, અને બીજો બિચારો અલ્લાનો વલી હતો. મીયાંની કજા બાદ, બંને ભાઇઓ પોતાના બાપની મીલકત વેહેંચી લેવા બેઠા. મોટા ઉઠાવગીર ભાઇએ, એ બાબતમાં ચુકાદો આપતાં પોતાના ઓલીયા ભાઇને કહ્યું, દેખ ભાઇ, અપને દાદાકી મીલ્કતમેં તો સીરફ એક મકાન હે, ઇસ લીયે યે મકાન ઝમીનસે ફકત છપરે તક મેરા, ઓર છપરેસે આસમાન તક તેરા. ઓલીઆ ભાઇ, તો આસમાનનું નામ સાંભળી ખુશ ખુશ થઇ ગયો. પણ રાત પડી, ત્યારે જેમ તેમ છાપરા પર ચઢીને ત્યાં સુતો, એટલે આખી રાતની ઠંડીમાં અકડી ગયો. આ વાતની ખબર એક પંચીને પડતાં તેણે ઓલીઆને શીખામણ આપી, કે બચ્ચા, મોટાભાઇની શીખામણ ઉપર ચાલ્યો, તો માર્યો જશે. મને પચાસ રૂપીઆ

આપે, તો એ બલામાંથી છટકી જવાનો તને એક રસ્તો બતાવું. ઓલીઆએ હા પાડી, એટલે પંચીએ સલાહ આપી, કે રાતે છાપરાં પર થોડાં લાકડાં, અને એક ઘાંસની પુળી સળગાવવી, અને મોટોભાઇ પુછે, તો કહેવું કે, મેંતો મેરા ખાના પકાતા હું, એટલે ભાઈ પોતાની મેળે ઠેકાણે આવશે. ઓલીઆએ તેમ કર્યું, એટલે બીજે દીને ઉઠાવગીર ભાઇએ આવી, પગે લાગીને ઘરનો અડધો ભાગ મુર્ખાને આપ્યો.

ગામડીઆનું ડહાપણ. ૧૩૧.

દંમણ પાસે વાપી ગામથી એકવાર એક નવલો નામનો ગામડીઓ મુંબઇ જવા નીકળ્યો. સ્ટેશન ઉપર જઈ તેણે ટીકીટ માસ્તરને પુછ્યું, "ભાઇ મંભઈ જવાના કેટલા પેહા ?

"એક રૂપીઓ ચાર આના," ટીકીટ માસ્તરે જવાબ આપ્યો.

એહ ! એમ હું ભાય ! રૂપીઓ લે, રૂપીઓં લે, એક આનો વધતો આપું.

ટીકીટ માસ્તરે ઝાટકી નાંખવાથી નવલો બડબડતો ત્યાંથી ચાલતો થયો, એવામાં પછવાડેથી પું પું કરતી ટ્રેન આવી લાગી. ઇનજીન તરફ મુક્કી કરી તાકીને, નવલો

ઠરાઇવરને કેહવા લાગ્યો. તને એક રૂપીઓને આનો ઉપર આપવા કીધાં, તારે નહીં ને હવે હું કામ પટાવા આએવું? જા, હવે મારે ની જોઇએ.

નારે બાપુ!

દેવીદાસ નામનો વાણીઓ બહુજ કંજુસ અને વેહમી હતો. કોઈનાં ઉપર તેનો વિશ્વાસ નહીં. સાફ ના પાડે, કે નારે બા! સગા બાપનો ભરોસો નહીં કરીએ. હવે એવું બન્યું, કે દેવીદાસની દાઢ બહુજ કળવા લાગી, અને દરદ એવું જોરથી થવા લાગ્યું, કે દાંતના ડાકટરને ઘેર જવા વિના છુટકો રહયો નહીં, ડાકટરે દાંત તોડી પાડવા હાથમાં ચીપીઓ લીધો, એટલે દેવીદાસ ગભરાયો. બહુ સમજાવ્યાથી ઠરાવ્યું, કે લાફીંગ ગ્યાસ સુંઘાડીને પછી દાંત કાઢવામાં આવશે, એટલે દરદ ન થાય, તે તો ઠીક, પણ આ ગ્યાસ સુંઘાડયાથી શું થાય? દેવીદાસે વેહમી થઇ પુછવા માંડયું.

તેથી એમ થશે, કે તમે બેભાન થઈ જશો, અને શું થાય છે, તે તમે જાણુશો નહીં.

હેં? તારે તો બહું સારૂં.

ડાકટરે તૈયારી કરી, એટલે લાગલોજ દેવીદાસે ખીસામાં હાથ ઘાલ્યો. ડાકટર સમજયા, કે તે પેસા આ-

પવા જાય છે. તેથી બોલ્યા, "કંઇ ચીંતા નહીં-પૈસાની શી ઉતાવલ છે—કામ ખલાસ થાય ને આપજો."

દેવીદાસ બોલ્યો, નારે બાપુ! હમણાં કોણ પૈસા આપે છે. હું ગ્યાસથી બેભાન થાઉં, તે પેહલાં ગણી જોઉં છું, કે ખીસામાં કેટલા રૂપીઆ છે.

એક રમુજી ભુલ. ૧૩૪

થોડા વરસની વાત ઉપર સુરત જીલ્લામાં એક પારસી ડેપ્યુટી કલેકટર હતા, તેઓ ઘણું પ્રમાણીક, અને સાદા હતા, પરંતુ કામ લેવામાં ઘણાં સખત હતા, આ કારણથી હાથ નીચેનાં હીંદુ કારકુનોને અલખામણાં થઇ પડયા હતા. હવે એવું બન્યું, કે આ ડેપ્યુટી કલેકટરની પપ વરસની ઉમર પુરી થવાથી, સરકારી કાયદા પ્રમાણે તેમને પેનશન ઉપર જવું પડયું. અને નોકરી પુરી થઇ. આથી જે કારકુનો તેમનાથી ડરીને દબાઇ રહયા હતા, તેઓ ઘણી ખુશાલીમાં આવી ગયા. અને જે દિવસે ડેપ્યુટી સાહેબ, નોકરી પર નહીં આવનાર હતા, તેજ દહાડે ગામમાં પેંડા વહેંચ્યા. તે લોકોએ એક આદમીને પેંડાની થાલી આપીને રેલ્વે સ્ટેશન ઉપર પણ મોકલ્યો. અને વરદી આપી, કે સર્વે દેશી લોક-માં એક એક પેંડો વહેંચવો. હવે બનાવ એવો બન્યો, કે મજકુર ડેપ્યુટી સાહેબ, મુંબઇ જવા માટે સ્ટેશન પર

આવ્યા હતા, ગામડીઓ જાણુતો નહોતો, કે એ કોણ છે. તેણે તુરત એક પેંડો ઉંચકી શેઠનાં હાથમાં મુકયો.

શેઠે અજબ થઇને પુછયું, કે એ શું છે—પેંડા શાના વહેંચાય છે ?

" બાપજી, એતો કેની, તે એક પારહો છે, પારહો, અમારા ગામનો ઠીપુટી–તે બહુજ પાપ ઉતું, તેને હરકારે પાણીચું આએલું, ને તેણે ગઇ કાલનું કારૂં કીધેલું, તેનાં હગનનાં પેંડા વહેંચાય ?"

અં અં ! ડેપ્યુટી સાહેબ, ધીમા સાદે બોલ્યા, એ પેંડા કોણ વહેંચે છે ?

એના માણુહો !—આજ બહુ ખુશમાં આવી ગીએલાં, તે હંદા લોકોએ પૈહો પૈહો ઉઘરાણું કરી, આજે ઉજાણી કરી મુકેલી !

ડેપ્યુટી સાહેબ, આ સાંભળીને પોતાના મન સાથે બળાપો કરી, તે પેંડો મુંગે મોઢે પોતાના હાથમાં લીધો. (તે પેંડો ગાડીમાં ખાધો કે નહીં, તેનો કોઇ સાક્ષી મલ્યો નથી.)

નરમ ઘી જેવી માંગણી. ૧૩૫.

એક ગ્રંથકારે (My wife) " મારી બાયડી " એ-

વા નામની ચોપડી કાઢી હતી, તેની જાહેર ખબર, વાંચીને એક શખસે તે ખરીદવા માટે તેનાં બનાવનાર ઉપર નીચે મુજબ ચીઠી લખી " સાહેબ તમારી આ વિષે મેં ઘણી વખાણ સાંભળી છે, કે ઘણીજ સરસ છે, અને તે મારે ખરીદવી છે, માટે તેની કીંમત શું છે? તે મેહરબાની કરી લખી જણાવશો."

હુકમનો અમલ, ૧૩૬

પોલીસનાં સીપાઈ કેવા અક્કલવાલા, અને હુશીઆર આવે છે, તે તો સરવે કોઇને ખબર છે. એક વખત મેદાનમાં હુન્નરનું પ્રદર્શન હતું. સીપાઇને કોન્સ્ટેબલે દરવાજા ઉપર ઉભો રાખી વરદી આપી, કે પોતાની લાકડી બહાર મુકયા સીવાય કોઇને અંદર જવા દેવું નહીં.

થોડીક વારમાં એક ગ્રહસ્થ, ખાલી હાથે માંહે દાખલ થવા ગયો, તેને સીપાઇએ રોકયો.

"તુમચી કાઠી કુઠે આહે ?

" માઝે જવલ કાઠી નાહીં," પેલાએ અચરતીથી જવાબ દીધો.

"તવાં કાઠી ઠેવણે સિવાય આંત જાયાચા નાહીં."

ચીલ ઝડપ-૧૩૬.

એક રામચંદ્ર નામનો તાતીઓ પોતાની સાથે એક બાલા (નોકર)ને લઇ બજારમાં ગયો, સામન ઘણો ખરીદ કરવાનો હતો, તેથી એક હેલકરીને પણ બજારમાંથી સાથે લીધો. આ બેઉનાં માથા ઉપર પાટી ભરીને સામાન આપીને રામચંદ્રજીએ બાલાને કહ્યું, કે "હ્યા હેલકરીલા તુમચે બરોબર ઘેઉન જા," અનખી સઘલા સામાન રીકામા કરૂન, યાલા ચાર દીડકયા હેલ દે. મી માગુન યેતો." એમ કહીને બાલાના હાથમાં એક આનો આપ્યો. પેલો હેલકરી પંચી હતો, તે રસ્તામાંથી બાલાને ચુકાવીને પાટીમાં ભરેલા સામાન સાથે વટી ગયો, થોડીવારે રામચંદ્ર ઘરમાં આવી જુવે છે, તો બજારમાંથી જે સામાન લાવેલા, તેનો પત્તો મળે નહીં. તેથી બાલાને પુછ્યું, કે "સઘલા સામાન કુઠે ઠેવલાસ"? બાલાએ જવાબ દીધો, કે "હેલકરી હજુન આલા નાહીં," રામચંદ્રજીએ ઘણુંજ ચીરડાઇને બે ચાર ગાળો ચોપડી કાઢી, અને કહ્યું, કે "અતા જા આંણી તપાસ કર." બાલાએ પાછો ઉત્તર વાળ્યો, કે "તપાસ કરણ્યાચી કાંહી જરૂર નાહીં. હેલકરી કુઠે જાણાર આહે, ત્યાલા મી ત્યાચી હેલ દીલી નાહીં.!" રામચંદ્ર, તો આ સાંભળીને બાલાની મૂર્ખાઈ પર ખડખડ હસી પડયો.

આરોપીનો બચાવ-૧૩૭.

એક જુના હામીજને સેસનમાં બે રૂપીઆ ચોરવાના વાંક માટે ઉભો કીધો, તેનાં બારીસ્ટરે જુરીની દયા ખેંચ- માટે રડતું મોઢું કરી કહ્યું, "જુરીના સાહેબો, મારો કુલ ઘણો ગરીબ માણસ છે. ભુખમરાને લીધે નાચારીએ આ બે રૂપીઆ જેવી નજીવી ચીજ ઉપર હાથ નાંખવાની એને ફરજ પડી. ફક્ત પેટની ખાતર એણે એ કામ કીધું. જુબાની ઉપરથી આપ સાહેબોએ જોયું હશે, કે તેજ જગ્યાએ નોટોનું બંડલ હતું, તેને એ બંધવાએ હાથ પણ લગાડયો નહીં."

આ વખતે બંધવાને, ડુસકે ડુસકે રડતાં સઘળાઓએ જોયો.

તેનાં બારીસ્ટરે મનમાં મલકાઇને જુરીને કહ્યું, જોયું સાહેબો, એ કેવો મુંઝાય છે? એ કમનસીબ શા માટે આંસું પાડે છે?

બંધવો, આંખો લુછીને બોલ્યો, "ભોગ મારા, મારા જોવામાં તો એ બંડલ આવ્યુંજ નહીં!"

બંધવો, અને તેના બારીસ્ટર સીવાય આખી કોરટ હસી પડી.

ભાઈ ઉપર બેહનનું હેત. ૧૩૮.

થોડીક મુદ્દત ઉપર એક બાઇ, પોલીસ ચોકી ઉપર એક ગાડીમાં ભભકાબંધ કપડામાં સજ થઇ આવી, અને ઇન્સ્પેકટરને અરજ કીધી, કે "મારો એક ભાઇ અચબુચ દીવાનો થઈ ગયો છે. તે પોતાને એક ઘડીઆલીનો કલાર્ક સમઝે છે. અને લોકોને ઘેર સુઇ મારફાડ કરે છે. ડાકટરે તેનું માથું બોડાવવાનો અને તેને ઓરડામાં બંધ રાખવાનો હુકમ કર્યો છે. માટે મેહરબાની કરીને કોઈબી સીફતથી તેને જકડી લઇ મારા સ્વાધીન કરશો, તો ઉપકાર થશે, હું તેને કંઇબી કરી અડધા કલાકમાં અહીં પુસલાવીને લઇ આઉં." આમ બોલી તે બિચારી બાઇ આંખપાણી કરવા લાગી.

ભલા ઈન્સ્પેકટરે દયા ખાઇ, આ બાઇને મદદ કરવા હા પાડી. અને એક ખાલી ઘર બતાવી કહ્યું, કે તમે તેને આ ઘરમાં લાવજો. અમે સઘળું તૈયાર રાખશું.

બાઇ તો ખુશી થઇને ત્યાંથી ગઇ, અને એક ઘડી-આલીની દુકાન ઉપર જઇ કેટલાંક ઘડીઆલ વીંટીઓ વીગેરે ખરીદ કરી દુકાનદારને કહ્યું, કે તમારા એક માણસને મારી ગાડી ઉપર મોકલો, હું ઘેર જઇને રૂપીઆ આપું.

દુકાનદારે ખુશી થઇને પોતાના કલાર્કને બાઇની ગાડી ઉપર બીલ આપીને મોકલ્યો.

પેલા ઘર આગળ બાઈ ઉતરી, અને તેની પાછળ કલાર્ક પણ આવ્યો. બાઈએ હસીને આંખની ઈશારત કરી અંદર ગઈ, કે તુરત છ માણસોએ આવીને પેલાને પકડીને મુસ્કાટાટ બાંધ્યો. પેલો જેમ હાથ પગ પછાડે, તેમ મજબુત બાંધે.

અરે હું તો ફૂલાણું ઘડીઆળીનો કલાર્ક છું.

ઈન્સ્પેક્ટરે કહ્યું, હા, મને ખબર છે.

બાઇ બોલી શાબાસ, જો એને છોડશો નહીં, હું હમણાં ડાકટરને લઇ આઉં છું, એને બહારો બહારજ મેડ હાઉસમાં મોકલીએ તો ઠીક.

(આ પ્રમાણે બાઇ કલાર્કને ફસાવી, ઘડીઆલો, અને વીંટીઓ, આસાનીથી હજમ કરી રસ્તે પડી.)

સારી નોકરીનો બદલો-૧૩૯.

કલારકો ઑફીસમાં દાખલ થાય છે, તેમને શેઠ કહે છે—મારે તમને કંઇ કહેવું છે.

હાજી, જીજીભાઇ ઉલટમાં આવી બોલ્યો,

તમને મારે ત્યાં ચાકરી કીધાને કેટલા વરસ થયા?

વીસ વરસ સાહેબ!

વીસ વરસ થયાં હેં? તમે ચાકરી રહ્યા ત્યારે તમારી પાસે કંઈ નહીં હતું?

નહીં મુરબ્બી સાહેબ.

અને તમે ઇમાનદારીથી નોકરી કરી દુનીઆમાં આગળ વધ્યા, તે પ્રમાણીક પણાંનો બદલો મળશેજ.

હા, સાહેબ, એવી મારી આશા હતી.

ઠીક છે, જીજીભાઇ, આ મહીને મારો ભાગીઓ ભાગ છોડી સુખમાં દહાડા કાઢવા ઇચ્છે છે, અને તમારી નોકરી હું ભુલી ગયો નથી.

તમારી મેહરબાની છે, સાહેબ!

તમારી નીમક હલાલ લાંબી નોકરીનો બદલો આપવાનો મારો વિચાર છે, અને તે કરવાનું મારા અખત્યારમાં છે, તેથી ખુશી છું. હવે હું એખલોજ પેઢી ચલાવીશ.

હાજી, ઘણું સારૂં.

વેપારની થાપણ અલબત્તાં ઓછી થશે.

અં! હા—આ—સાહેબ!

તેથી બધાઓના પગાર ઓછા કરવાની ફરજ પડશે. બધા કલારકોના પગાર હું સેંકડે ૧૫ ટકા ઘટાડનાર છું. પણ તમારી નીમક હલાલ નોકરી ઉપર નીગાહ રાખી, હું તમારા પગારમાંથી દસજ ટકા ઘટાડીશ, હાલ તો એટલુંજ જીજીભાઇ, અને કાલથી જરા અડધો કલાક વેહલા આવતા જાઓ, અને હું ઘેર જાઉં પછી અડધો કલાક મોડી ઑફીસ બંધ કરજો.

મુવો છુટો! ૧૪૦.

એક દીવાનશાળામાં ડાક્ટર આગળ દીવાનાઓ વારે-ઘડીએ ફર્યાદ કરે, કે અમારે સારૂ સેરવો થાય છે, તે ઘણો ખરાબ છે. ડાકટરે એક દહાડો દયા ખાઇને બબરચી-ખાનામાં એ બાબતની તપાસ કરવા ગયા. તેમની સાથે થોડાક દીવાનાઓ પણ ગયા. રસોડામાં સુપનું એક મોટું વાસણ ચુલાપર ચઢાવેલું હતું. અચળુચ એક ખંધો દીવાનો બહાર નીકળી આવ્યો, અને બોલ્યો. ડાકટર! તમે ખાસ્સા બાવળની ગાંઠ જેવા છો, તેથી તમારો રસ, ઘણો સરસ થશે. માટે તમને આ તપેલામાં હોમાવીએ, કેમ ભાઇઓ? આ કમનસીબ ડાકટરને ખળખળતા તપેલામાં હોમાવવાની તૈયારી કીધી. ડાકટરે સમય સુચકતા વાપરીને કહ્યું, શાબાસ ભાઇઓ! આ તમારી સુચના ઘણીજ મઝાની છે. પણ મારાં કપડાં પસીનાથી ભીંજાઇ ગયાં છે, તેથી તમારો સે-રવો ખાટો મારશે, ઉભા રહો, હું એક મીનીટમાં કપડાં અને બુટ કાઢીને આઉં.

આ સુચના સર્વે દીવાનાઓને વાજબી લાગી, ડાકટર કપડાં કાઢવા ગયા, તે પાછો આવેજ શું કરવા?

ચેતજોરે ભાઇ! ૧૪૧.

થોડા વખત પર એક રમુજી બનાવ બન્યો હતો, એક ચક્રમ પારસી છોકરાએ એક પારસી ગૃહસ્થ ઉપર નીચે પ્રમાણે ચીઠી લખી.

શેઠજી સાહેબ—

તમારી બેટી ________ ની સાથે પરણુવાની મારી ખુશી છે, તેથી જો તમારીબી ખુશી હોય, તો મને જણાવજો, કે રીતમાં કેટલા રૂપીઆ આપશો? અને હું તમને કયારે મળવા આઉં.

લી૦ ________

આનો જવાબ પેલા ગૃહસ્થે નીચે પ્રમાણે વાળેલો કેહવાય છે.

મી. ________ ને માલમ થાય જે, આવતી કાલે શનીવાર છે. તેથી બેનેટનાં લીલાંઉખાનામાં ઘોડા, ગધેડા વેચાશે, તેથી બપોરનાં એક વાગતે મને ત્યાં મળજો. પછી શું ભાડ થાય છે, તે જોઇને તમારી કીંમત મુકરર કરીશું.

લી૦ ________

ઇત્તરનું હાલ્કું-૧૪૨.

કેટલાક લોકને અકડવાની ટેવ ઘણી હોય છે, એ વાત પ્રસિધ છે. રતનજી નામે રૂનો એક મોટો વેપારી

હતો. તેની પેઢીમાં લાખો રૂપીઆની ઉથલ-પાથલ થાય, તેનાં બધા ગુણોમાં એક દુર્ગુણ મોટો હતો, કે મોટાઇ ઘણી રાખતો, એક દીવસ એવું બન્યું, કે તેનો પાળેલો નહાનો કુતરો "ટાઇગર" લગાર આજારી પડયો. રતનજીએ તુરત એક નામીચા ડાકટરને કંઇ કામ છે, એમ ચીઠી લખી બોલાવી મંગાવ્યો. આ ડાકટરને મોટી ઘરાકી સાથે શેહરમાં માન ઈજત સારી હતી. તે જ્યારે આવ્યા, અને જાણવામાં આવ્યું, કે એક કુતરાને જોવા માટે તેમને બોલાવ્યા, ત્યારે તેમને ઘણું માઠું લાગ્યું, પણ ટચાકની પેઠે હલકાઇ નહીં બતાવતાં દવા બતાવી, ફી ગજવામાં મુકી મુંગે મોઢે ઘેર ગયા.

થોડાક દીવસ ગયા પછી, ડાકટરે રતનજી શેઠને ચીઠી લખી અરજ કરી, કે રૂના સંબંધમાં મારે કંઇ કામ છે. માટે જો શેઠ તસ્દી લઇ ડાકટરને ઘેર ફક્ત પાંચ મીનીટ આવશો, તો મોટી મેહરબાની થશે, અલબત્તાં જ્યારે આવી ન ધારેલી ચીઠી આવી, ત્યારે કંઇ લાભ હશે, એમ માની શેઠ ગયા! સાહેબ સલામ થયા બાદ શેઠે પુછયું, કેમ રૂના સંબંધમાં તમને શું કામ પડયું?

ડાકટરે ઠાવકું મોંહ રાખી કહ્યું, કંઇ નહીં. મારી બાયડી જણવાની છે, તેને માટે બે મણ રૂ જોઇએ છે. તે મેહરબાની કરી તમારા આંકડા સાથે મોકલાવી દેશો!

સાહેબ મારો પગાર વધારો–૧૪૩.

મનમોહનદાસ નામે એક હીંદુ ગ્રહસ્થ, બહુજ ચીકણા હતા, અને વળી સાથે એવી રડતી સુરત, કે કોઈ કાળે હસે નહીં, તેમને ત્યાં પેમો કરીને ઘોડાવાળો ઘણાં વરસથી ચાકરીમાં હતો. એક દીવસ પેમાએ શેઠને અરજ કીધી, કે "સાહેબ, હું ઘણાં વરસ થયાં નોકરી કરૂં છું, માટે એક રૂપીઓ પગાર વધારો." શેઠ રડવા જેવું મોહું કરીને બોલ્યા, "અલ્યા, આ તે કંઇ પગાર વધારવાનો વખત છે? જા હું ખુશીમાં હોઉં ત્યારે બોલજે." પણ શેઠ ખુશીમાં હોય શેના, કે પેમાનો લાગ ફાવે.

એક દહાડો એવું બન્યું, કે શેઠ કધીમધી એક રાત્રીએ નાચની બેઠકમાં ગયા, અને ગાડી ઉપર પેમો બેસી રહ્યો. બાર વાગ્યા પણ શેઠ તો ઉતરેજ નહીં, એટલે લગામ હાથમાં રાખી પેમો કોચ બાકસ ઉપર ઉંઘી ગયો, હવે તે રસ્તેથી ચાર પાંચ માવલાઓ જતા હતા, તેઓએ શું કર્યું, કે હળવેથી ઘોડો છોડી તેને બદલે એક ગધેડો બાંધી ઘોડો લઇને ચાલ્યા ગયા. થોડીક વારે શેઠ નીચે આવ્યા, અને પેમાને જગાડયો. અરે! ઘોડાનો ગધેડો કેમ થઇ ગયો! પેમાએ અચરતીથી આંખો ચોળીને એવું ડાચું કર્યું, કે શેઠને હસવું આવી ગયું. આ જોઇ ઘોડાના જવા

બાબત કંઇબી ખુલાસો આપવાને બદલે પેમો બોલી ઉઠયો, "શેઠ મારો પગાર વધારોની—આજ તો તમો ખુશીમાં છો!"

કજીઆની સલ્લાહ-૧૪૪.

ભીખો ઢેડો, એક દહાડો પોતાની ધણીઆણી સાથે રીસાયો, અને બે ચાર દહાડા તેની સાથે બોલ્યો નહીં. જે દીવસે તેઓ રીસાયાં, તેજ દીવસે ગામનાં પાદરે એક વાછરડું મરી ગયું. હવે ગામમાં એવો ધારો હતો, કે મુવેલું જાનવર હોય, તેને ઢેડા ઉંચકી જાય, ઢેડીને તો ખબર પડી, કે ફલાણે ઠેકાણે વાછરડું મરી ગયું છે. પણ ધણી સાથે બોલવું પડે, તેથી ભીખો જ્યાં બેઠો હતો, ત્યાં ભીખો સાંભળે તેમ બોલવા લાગી.

હું તો બોલતી નથી. ચાલતી નથી. નામ દેહે કોઇ,
ઢેડવાડામાં ઢાંડું પચરૂં લઇ જાવરે કોઇ.

આ સાંભળી ભીખો છલાંગ મારી ઉઠયો, કે ચાલ મારા બાપ! ત્રણ ચાર દહાડાની રોટલી પાકી. ઢેડવાડામાં જઇ પેલું વાછરડું લઇ આવ્યો. અને ઓટલા ઉપર નાંખ્યું. ધણીઆણીએ કાપીને રાંધ્યું, અને પાછી આવીને બોલી.

હું તો બોલતી નથી ચાલતી નથી નામ દેહે કોઇ,
મેં તો મારે રાંધી લાયખું ખાઇ જાવરે કોઇ.

એમ કરીને ધણી ધણીઆણી ખાવા બેઠાં. ખાતાં ખાતાં બેઉની સલાહ થઇ ગઈ.

સાબ એતો ધોંગ કરે છે. ૧૪૫.

એક વહોરાજીને રસ્તે ચાલતાં વીકટોરીઆ ગાડીનો આંચકો લાગવાથી પડી ગયો, અને તેથી છેડાઇ પડીને લાગલોજ વીકટોરીઆ-વાલાને પોલીસમાં માજીસ્ટ્રેટ આગળ ઉભો કરાવ્યો. કોર્ટમાં માજીસ્ટ્રેટનાં દુભાસીઆએ વીકટોરીઆ વાલાને કેટલાક સવાલ કીધા, પરંતુ વીકટોરીઆ-વાલો તો જરા પણ બોલે, કે ચાલે નહીં. અંતે માજીસ્ટ્રેટ સાહેબે ચીરડાઇને પુછયું, કે "આટલા બધા સવાલો તને પુછવામાં આવ્યા, પણ તેનો એકબી જવાબ તું આપતો નથી, તે શું છે?" આ બોલવાની વીકટોરીઆ વાલાએ દરકાર કીધી નહીં. અને જાણે મુંગોજ હોય, તેમ ગુપચુપ ઉભો રહ્યો. આથી વહોરાજીનું પાકી આવ્યું, અને ભર કોર્ટમાં બોલી ઉઠયો, કે "માજીસ્ટ્રેટ સાબ એતો અમથો ધોંગ કરે છે, હમનાં આખે રસ્તે ચાલો પોઇસ, ચાલો પોઈસ, કરીને બુમો મારતો હતો"—

મેજીસ્ટ્રેટ—ને તે છતાં તમો જાણી જોઇને ગાડીની વચમાંથી ચાલ્યા, તેથી તમારો વાંક છે. "જાઓ કજીઓ કાઢી નાંખ્યો છે." વહોરાજી, ફડફડાટ કરતા સીધા ભીમજી લેપવાલાને ત્યાં ગયા.

કોચીનનો શાહુકાર, ૧૪૬.

એક દહાડો પુર ભપકામાં એક ગ્રહસ્થ, ઇંગ્રેજ બજારમાં એક ઘડીઆળીની દુકાને ગયો. અને દસ બાર ઘડીઆળો કઢાવી, તથા ભાવતાલ કરી, એક સોનાનું ઘડીઆળ રૂ૦ ૮૫ની કીંમતનું પસંદ કીધું. રૂપીઆ આપવા માટે તેણે પોતાની પાકીટ બુક કાઢી. જે દેખીતી પૈસાથી ભરેલી દેખાતી હતી, તેથી "શો કેસ" ઉપર મુકી ઘડીઆલ ગજવામાં કેવું લાગે છે, તે જોવા સારૂ પેહરી જોયું. એવામાં તેની સાથે આવેલો કુતરો એકદમ ચમકીને દુકાનમાંથી ભોંસતો ભોંસતો બહાર દોડયો. "પંચ–પંચ–પકડ–પકડ" કરતો તેનો ધણીબી તેની પાછળ દોડયો. પણ પંચ ઉભો શું કરવા રહે. તે દમ બાંધીને દોડે, અને તેની પાછળ તેનો ધણીબી દોડે. એમ બેઉ જણ ગેબ થઇ ગયા. થોડીવારે દુકાનદારની શુધ ઠેકાણે આવી, ત્યારે પેલી પાકીટ બુક ઉઘાડીને જુએ છે, તો માંહે પથરા ભરેલા !

સોગંદ લેવા તે શું ? ૧૪૭.

પોલીસ કોર્ટમાં ભીખા ખીમા નામનાં ધોબીને ઉભો કીધો હતો, અને તેની ઉપર એવો ચારજ હતો, કે તેની પાડોસણ રામલી ધોબણને અસતરી મારીને પગમાંથી લોહી કાઢયું. ભીખાએ બચાવ કીધો, કે "આ મારી ઉપર બોહ-

તાન જોડાયું છે” તપાસ શરૂ થઇ, અને ભીખાના એક દસ વરસની વયનાં છોકરાની જુબાની લેવાઇ. માજીસ્ટ્રેટે પેલા નાનાં છોકરાએ પેહલાં પુછયું, છોકરા, સોગંદ તે શું, તે તું સમજે છે?

હા હાએબ, મને મારા બાપે ઘેરથી હમજાવી મુકેલો.

માજીસ્ટ્રેટ—શું સમજાવ્યું છે?

છોકરો—કે તાતીઓ જે હોગન ઘાલ્શે, તે લઇને જો બચ્ચા, એમ ની બોયલો, કે બાપા–એ રામલીને મારેલ્ની નહીં. નહીં તો ઘેર લઈ જઇને આટો લહન કરી લાખા.

અલબત, ભીખો તે દહાડા પછી છ મહીનાં સુધી ઘેરે જવા પામ્યોજ નહીં.

કેવો માયાળુ ધણી-૧૪૮.

આપણે ત્યાં કોઇને જમાડવા તેડવા હોય, અને ખાવાનું સારૂં ન થાય, તો બાયડી સાથે ટપાટપી કરીએ. પણ ચીનાઓમાં ચાલ જુદી છે. એક ચીના શાહુકારે પોતાની સાથનાં બીજા ચીના દોસ્તોને ખાણું આપ્યું. મેજબાનને રાંધેલું ન ભાવ્યાથી તેવણનો મીજાજ જતો રહ્યો. ખાણાં પછી તે ઉઠયો, અને બધાઓને જરા નમ્યો, અને બોલ્યો. “આઇગો લીકી વાઈફી.” એટલે હું જરા મારી બાયડીને મેથી જમાડીને હમણાં આઉંછું, અને બહાર ગયો. થોડી

વાર પછી પોતાની ધણીઆણીને સારી રીતે મેથીપાક જમાડીને પાછો તેવોજ હસ્તે મોઢે ઓરડામાં આવીને જાણે કશું બન્યુંજ નહીં હોય, તેમ આવીને ઓરડામાં બેઠો. એ ચાલ આપણી તરફ દાખલ કીધી હોય તો ?

ઘોડાનાં દરદનો ઇલાજ. ૧૪૯.

એક માસીકનાં અધીપતીને એક કાગલ લખી ખુલાસો પુછાવ્યો, કે "મારો એક ઘોડો છે, તેને કોઈ કોઇ વખત સખત હાંફણ થઇ આવે છે. તે આઠ દહાડા કામમાં આવેછે, તો બે મહીનાં બેસીને ખાય છે. માટે જો તમારી પાસે કંઇ સારો ઉપાય હોય, તો મને લખી જણાવશો, તો ઉપકાર થશે.

આ સવાલનો જવાબ, તેને નીચે મુજબ આપવામાં આવ્યો.

"એ દરદનાં ઉપાય માટે ઘોડાની દવા નામનાં પુસ્તકોમાં અમે ફેરવી ફેરવીને જોયું છે, અને એકજ ઉપાય હાથ લાગ્યો છે, તે એ કે, જે અઠવાડીઆમાં હાંફણ નહીં થતી હોય, અને ઘોડો જોડાતો હોય, તો તે વખતે લાગ જોઇને કોઇ અંજાણ્યા ધણીને પેહરાવી દેવો !"

ગુજરાતી ભાષા. ૧૫૦.

એક વખત સ્ટીમર ઉપર એક ઇંગ્રેજે, એક પારસી ગ્રહસ્થને, કે જે ઘણાં રમુજી અને હાજર જવાબ હતા, તેમને પુછયું, કે તમારી ગુજરાતી ભાષા કેવી થાય છે!

પારસી ગ્રહસ્થે જવાબ આપ્યો, કે જુઓ, કોટ, એટલે ડગલો, ફીશ, એટલે બુમલો, હાઉસ, એટલે બંગલો, શીપ, એટલે બગલો, ડ્રમ, એટલે તબલો, હીપ, એટલે ઢગલો—

આ બધા "લો" અક્ષરથી પુરા થતા અવાજ સાંભળી પેલો ઇંગ્રેજ ગભરાઇ ગયો, અને કહ્યું. બસ–બસ–તમારી ભાષા ઘણીજ મજાની છે. થેંક યુ.

માસ્તરોને અગત્યનું–૧૫૧.

બે ગરીબ માસ્તરો, છોકરાઓને ખાનગી "ટયુશન" આપી પોતાનો ગુજારો કરતા હતા, પંદરમી તારીખ થઇ તોબી એક માસ્તરની ફી છોકરાઓ લાવ્યા નહીં. તેથી નીચે પ્રમાણે વાત ચીત થઇ,

નહીં રે યાર, કયાં છે? આજે પંદરમી તારીખ થઇ તોપણ ઠેકાણું મળે નહીં. પણ કરૂંબી શું, એનાં બાપને કંઇ કેહવાય?

પણ શું કરવા? મારી પાસે ઘણો સરસ ઉપાય છે.

પેહલી તારીખ થઇ, કે છોકરાઓને ઘેરથી તરજુમો કરી, લાવવા નીચલા વાકયો આપું છું.

નીચલા વાકયોનો ઇંગ્રેજી તરજુમો કરી મોટે સાદે મોઢે કરી લાવજો—

ગયો મહીનો ખલાસ થયો.

મારી પાસે પૈસા નથી.

તમારા બાપા પાસે તો ઘણાં પૈસા છે.

અમે તો ગરીબ માણસ છીએ.

તમે કેમ બાપા પાસે પૈસા માંગતા નથી.

માસ્તર કાલે પગાર માંગતા હતા.

છોકરાઓ આ વાકયો મોઢે ચઢાવવા ઘેરે મોટે સાદે પચાસ સાઠ વખત બોલે, એટલે ફી આપો આપ ચાલી આવશે.

નકટો જમાનો ૧૫૨.

હમણાંનાં વિદ્વાનોએ શોધ કીધી છે, કે જેમ જેમ માણસ સુધરતા જશે, તેમ તેમ તેની સુંઘવાની શક્તિ ઓછી થતી જશે. અને ત્યાર પછી ખુદ નાક પોતે પણ માસણનાં મોઢાપરથી ગુમ થઇ જશે. અરે ખુદા! કેટલાએક નકટાઓ વિચારતા હશે, કે હમે તેજ જમાનામાં પેદા થયા, હોત તો કેવું સારૂં થતે!

તારે કંઇ બોલવું છે? ૧૫૩.

જડજ—(પાંજરામાં ઉભેલા બંધવાને) જોરે બંધવા, તારી ઉપર એક બાર વરસની છોકરીનું ઘરેણાંને માટે ખુન કરવાનો વાંક લાગુ પડે છે. અને જુરીએ પણ તને એકમતે તકસીરવાર ઠરાવ્યો છે. માટે હું તને શીક્ષા કરૂં છું; કે "જ્યાં સુધી તારામાં પ્રાણ હશે, ત્યાં સુધી તને ફાંસો નાંખી લટકાવવામાં આવશે." બોલ, એ માટે તારે કંઇ બોલવું છે?

બંધવો—સાહેબ, એ તો ખરૂં છે, કે મારી ઉપર ગુનાહ પુરવાર થયો છે, પણ સાહેબ, જે વખતે મેં ખુન કીધું, તે વખતે હું દારૂની ખુમારીમાં હતો. માટે સાહેબ! ગરીબ પરવર મેહરબા——

જડજ—નહીં નહીં.—મેહરબાની મેહરબાની, કંઇજ થશે નહીં. જો તું બોલશે, તો એથી પણ વધુ શીક્ષા પામશે.

અકલમંદ શું કહી ગયા છે? ૧૫૪.

આગલા જમાનામાં અકલમંદો કહી ગયા છે, કે બાપુ, છ ચીજોથી આઘા રહેજો.

૧. બચ્ચાંઓ સાથે મસલહત કરશો નહીં, નહીં તો ખતા ખાશો.

૨. મોટાઓ સાથે પંચાત કરશો નહીં, નહીં તો હેરાન થશો.

૩. પારકી સ્ત્રી સાથે હસશો નહીં, નહીં તો રૂસવા થશો.

૪. હાથી ગમે એવો ગરીબ હોય. તોપણ આંકોસ રાખજો.

૫. ઘોડો સીયાણો હોય, તો પણ ચાબુક રાખજો.

૬. લોંડી સાથે લાતથી વાત રાખજો.

તું કઈ જાતનો? ૧૫૫.

માજીસ્ટ્રેટ--એઇ ગધધા, તું કઇ જાતનો?

બંધવો--તે સાહેબ, મને ખબર નથી.

માજીસ્ટ્રેટ-- ચોર! તું શું કોર્ટની મસકરી કરે છે? બરાબર ઉત્તર નહીં આપશે, તો તને સજા કરવામાં આવશે.

બંધવો--સાહેબ, મારો બપાવો, મુસલમાન હતો, અને બપાઇ મરાઠણ હતી, મારો બાપ વટલેલો ખ્રીસ્તી છે. અને મા ઢેડી છે. તુરકી રાજનાં દરીયામાં પોર્ટુગીજ વહાણ ઉપર મારો જન્મ થયો છે. તો હવે હું જાતનો કોણ? તે તમેજ નક્કી કરો સાહેબ!

સાચને ન આવે આંચ-૧૫૬.

દુધવાલો પોતાનાં છોકરાને દુધમાં પાણી હોમાવતો જોઇ કહે છે, અલ્યા, શું કરે છે?

"દુધમાં પાણી નાંખું છું." છોકરાએ જવાબ દીધો.

અરે જંગલી! કદી પણ દુધમાં પાણી ન નાંખીએ.

તાંબડીમાં પેહેલેથી પાણી રાખી પછી ઉપરથી દુધ રેડીએ.

છોકરાએ અચરત થઈને પુછયું, કેમ, તેમ કીધાથી શું થાય ?

જો કોઇ ઘરાક પુછે, કે દુધમાં પાણી રેડયું હતું ? તો છાતીએ હાથ દઇ સાફ કેહવા કામ લાગે—કે ના ! ઈશ્વરનાં કસમ, દુધમાં પાણી રેડયું નથી, પાણીમાં દુધ રેડયું છે, એમ તો કોઈ પુછેજ નહીં. એટલે સાચું બોલાય, ને બે વાત.

હાજર જવાબી-૧૫૭.

એક વખત એક નવાબ શીકારે ગયો હતો, જ્યાં તેણે એક વાઘણ જોઇ, અને તેનો શીકાર કરવા તેની પાછળ ગયો. તેની સાથે મદદમાં એક વાણીઓ હતો, તથા બે ત્રણ સીપાઇ, અને જમાદાર હતા. બનાવ એવો બન્યો, કે વાઘેણ નવાબ ઉપર એકદમ હુમલો કરવા જતી હતી, એટલામાં તે જોઇ જમાદાર વીગેરે બંદુક લઇ નાંસવા લાગ્યા. તેવામાં વાણીઆએ જમાદારનાં હાથમાંથી બંદુક લઇ નવાબની સામે દોડી આવતી વાઘણને એકદમ ઠાર કીધી. આ ઉપરથી નવાબ સાહેબે વાણીઆને ઘણી સાબાશી આપી ઓદ્દો ચઢાવ્યો. ત્યાર બાદ એક દીવસે પેલા જમાદાર વાણીઆની બહાદુરીનું માન પોતાની જાતને લગાડવાને બોલી ઉઠયા, "અમે બની-

આ, તુ કોઇ જમાદારકે પેટકા હે, બનીઆ બચ્ચા, કભી અયસા બહાદુરીકા કામ ન કરે." આ સાંભળી વાણીઓ બોલ્યો, "ત્યારે તો જમાદાર સાહેબ, તમો કોઈ વાણીઆને પેટનાંજ છો, કેમકે ખરો જમાદાર બચ્ચો, વાણીઆની પેઠે દોડી ન જાય." આ સાંભળી જમાદાર ચુપ થઇ ગયા!

નાટકશાળામાં બનેલો રમુજી બનાવ–૧૫૮.

એક વખત નાટકશાળામાં એવો બનાવ બન્યો, કે જેથી તમાશગીરોમાં મોટી હુસાહુસ થઇ રહી. એક પારસી, કે જેનાં ૧૧ છોકરાં હતાં, અને જેની બાયડી તેનાં ઉપર મોટો જુલમ ગુજારતી હતી, તે રાતનાં છટકીને મુંગો મુંગો નાટક જોવા ગયો. સ્ત્રીને આ વાતની આગળથી ખબર પડી હતી, એટલે તે પણ નાટકશાળામાં ગઇ, અને ગેલેરીમાં જઈ પોતાનાં ધણીને પીટમાં બેઠેલો, અને તાલી પાડી ખુશ ખુશ થતો જોયો. હળવે હળવે નીચે આવી, અને "પીટ" માં જઇ, પોતાનાં ધણીનાં બરડા ઉપર એક જબરદસ્ત ઠાપટ લગાવી બોલી. "ચાલ મુવા, હરામ હાડકેના!––અત્તર ઘડી ઘેર ચાલ." પેલાએ પાછા ફરી જોયું, તો સ્ત્રીની અજાયબીનો શું પાર! તે ધણી તો કોઇ બીજો હતો! હવે સ્ત્રીનાં ખરેખરા ધણીએ નાટકશાળાનાં બીજા ભાગમાંથી આ સઘળું રમખાણ જોયું હતું, એટલે બાજે રસ્તે છટકી જઇ, મુંગો

મુંગો ઘેર જઈને સુઈ ગયો, અને જયારે સ્ત્રી ઘેર આવી, ત્યારે "રાંડ કયાં રખડવા ગઈ હતી!" આમ બોલી રમખાણ કરી મુકયું. તે દીવસથી સ્ત્રીનો થોડોક જુલમ નરમ પડયો.

નવાઈ જેવી શરત–૧૫૯.

એક માણસે પોતાનાં દોસ્ત સાથે શરત મારી, કે હું પચાસ જણાંને એવો સવાલ પુછું, કે તેનો બધા જણાં તરફથી એક સરખો જવાબ મળે. આ શરત કબુલ કરી બંને દોસ્તો આગળ ચાલ્યા. સરત મારનારે પચાસ જણને એકજ સવાલ પુછયો. અને તેનો સઘળાઓએ એક સરખો જવાબ આપ્યો. અને તે શરત જીત્યો. તે સવાલ એ હતો, કે "પેસતનજી ગુજરી ગયો, તે તમે સાંભળ્યું કે?" જવાબ મળતો, કે "કયો પેસતનજી?"

અકકલનું બારદાન–૧૬૦.

એક કાઠીઆવાડી ઠાકોરની ઉંઘ ઘણી ખરાબ હતી, તેથી તેણે મુંબઇથી એક હુશિયાર નોકર બોલાવ્યો, અને તેને ખાસ હુકમ આપ્યો, કે હું સુવું ત્યારે ઓરડામાં કાંઈબી ગડગડ થવા દેવી નહીં. એક રાત્રે બાર વાગ્યા હશે, એટલામાં ઓરડામાં મોટો ધડાકો થયો. ઠાકોર ચમકીને ઉઠયો, અને ચાકરને પુછયું, "કેમ–રે એ શું છે?"

કંઇ નહીં સાહેબ—એ તો એક ઉંદર આવ્યો, તે મેં જાણ્યું, કે ખડખડાટ કરીને આપ સાહેબને ઉંઘમાં ખલલ પાડશે, માટે આ ઠંડુકાથી મારી નાંખ્યો !

દારૂની સુગ-૧૯૧.

કાવસજી સટાક કેટલો ગરગર હશે, તેનો ખ્યાલ એટલા ઉપરથી આવી શકશે, કે તે પતેતી ઉપર અતિશય ચીકાર થયલો હતો, તે છતાં દર સલામતીએ બબે ગલાસ ઠોકયા કરતો હતો. શેઠનાં હુકમથી ચાકર, દારૂ નામવા લાવ્યો, ત્યારે કાવસજી, કે જેને એક ટીપુંબી દારૂ પીવાની જગા હતી નહીં, તે ઓડકાર ખાઇને બોલ્યો, કે પીવાનો તો નહીં, પણ મારા ડીલ ઉપર રેડ, જરા વાસ તો લઇશ.

ગરજ સરી કે વૈદ વેરી-૧૯૨.

એક પ્રખ્યાત ફ્રેંચ ડાકટરે લાંબા વખત સુધી એક ઉમરાવની દવા કીધી. એક સવારે જ્યારે તે દરદીઓને જોવા ગયો. ત્યારે તે ઉમરાવે કહ્યું, કે "મી૦ બોવાર્ડ, મને હવે ઘણો આરામ થયો છે. હું ખાત્રીથી કહું છું, કે મારો તાવ ઉતરી ગયો છે." ડાક્ટરે તુરત જવાબ આપ્યો. કે આપનાં "પહેલા શબ્દથીજ મારી તો ખાત્રી થઇ ચુકી છે, કે આપને સારી પેઠે આરામ થયો છે. ઉમરાવે પુછયું,

કે, કેવી રીતે ? ડાકટરે કહ્યું, કે જ્યારે તમે ઘણુંજ માંદા હતા, ત્યારે તમે પ્યારામાં પ્યારા દોસ્ત કહીને મને બોલાવતા. પછી જ્યારે થોડા સારા થયા ત્યારે "ભલા બોવાર્ટ" કેહતા, પણ હવે જ્યારે આપને તદન આરામ થયો છે, ત્યારે હું સાદો "બોવાર્ટ" થયો છું ! !

જીભથી દાંત ઘસાયા–૧૬૩.

એક તરકટી બાઇએ, એક દહાડો એક ડાકટરને પુછયું, કે "ડાકટર સાહેબ," મારા દાંત શાથી પડી ગયા હશે ? ડાકટરે ઠાવકું મોઢું રાખીને જવાબ દીધો, કે બાઈ! તે તમારી જીભથી ઘસાઇ ગયા !

કયાં છે ?–૧૬૪.

બીજી સ્ત્રી સાથ પોતાનાં ધણીને હસતો જોઇને ખુશી થાય, એવી ધણીઆણી કયાં છે ?

થોડાજ બોલો કેહવા માગું છું. આમ બોલી ટુંકમાંજ પતાવે, એવો, ભાષણ-કર્તા કયાં છે ?

બંગલો બાંધવા માટે જે એસ્ટીમેંટ કીધું હોય, તેથી ઓછો આંકડો થાય, એવો મીસ્તરી અથવા ઇજનેર કયાં છે?

જા બા જા, એમ એકવાર કેહવા છતાં, મુંગો મુંગો ચાલ્યો જાય, એવો ભીખારી કદી જોયો છે ?

બાથદાસર કપડાં લાવનાર ધોબી, અગર દરજી, કોઇ દ્હાડો નજરે પડયો છે ?

છોકરાંઓને પ્રીતથી શીખામણ દેવી-૧૯૫.

નીચલી રમુજી વાત ઇંગ્લાંડની એક જાહેર સ્કુલનાં સંબંધમાં બનેલી છે--

એક જાહેર સ્કુલનો છોકરો ઘણોજ મસ્તી કરે, અને માસ્તરને બદે નહીં. માસ્તર અવારનવાર તેને મેથી જમાડે પણ ફોકટ. આખરે તે થાકયો, ત્યારે ઇન્સ્પેકટર આગળ ફર્યાદ કરી. ઇન્સ્પેકટરે મત આપ્યું, કે છોકરાંઓને મારવા કરતાં પટાવી સમજાવીને કામ લીધું હોય, તો વધારે ફતેહમંદ નીવડે છે. માસ્તરનાં ધ્યાનમાં એ વાત કંઈ ઉતરી નહીં, તેથી ઇન્સ્પેકટરે ઠરાવ્યું, કે આ છોકરાને પોતાને ત્યાં બોલાવી, સમજાવીને રાજી કરીએ. અને પછી શીખામણ દેવી.

આ ઠરાવ મુજબ રવીવારે છોકરાને સવારથી ઇન્સ્પેકટરે પોતાને ઘેર બોલાવ્યો. તે પહેલાં તો ડઘાયલા જેવો દીસવા લાગ્યો, પણ ઇન્સ્પેકટરે તેને હેતથી પાસે બેસાડી ખાવાનું રમકડાં વીગેરે આપ્યાં, એક ચીત્રની ચોપડી ભેટ આપી. અને સાંજના આઇસ્ક્રીમ ખવડાવી તર કીધો. જ્યારે છોકરો ખુશ દેખાવા લાગ્યો, ત્યારે ઇન્સ્પેકટરે ધાર્યું, કે હવે તેનાં ઉપર

શીખામણથી સારી અસર કરવાનો વખત આવ્યો છે, તેથી હળવે હળવે લેકચર આપવા માંડયું.

મસ્તીની વાત સાંભળી છોકરો બોલ્યો, સાહેબ! તે મસ્તીખોર છોકરો હું નહીં--મને શું કરવા તમે આટલું બધું કહો છો?

એં! ત્યારે તું અહીં કયાંથી આવ્યો?

સાહેબ, તે છોકરો જાણે, કે તમે તેને મારવા બોલાવો છો, તેથી મને ત્રણ અખરોટ, અને એક વગાડવાનો પુકકો આપવાનો કહીને પોતાને બદલે મોકલ્યો!

ઇન્સ્પેકટર સાહેબનો દમ બંધાઈ ગયો. આઇસ્કીમ અને રમકડાનાં પૈસા ફોકટમાં ગયા.

બંધવાને જડજની શીખામણ–૧૬૬.

એક બંધવા ઉપર જુરીએ, 'નોટ ગીલટી"નો ઠરાવ લાવી. તેનાં મત સાથે જડજે મળતા થઇ, બંધવાને છોડી મેલતાં જડજે શીખામણ આપી, કે તને આ વાર છોડી મુકવામાં આવે છે. પણ ફરીથી તું આવી ખરાબ સંગતમાં આવવાથી ખુબ સાવચેત રેહજે.

બંધવાએ જવાબ દીધો, ઓ સાહેબ! હવે ફરીથી તમારી સંગતમાં આઉં, ત્યારે મને કેહજો!

સસતામાં સસતો સીવવાનો સાંચો-૧૬૭.

એક ચતુર પુરૂષે જાહેર ખબર છપાવી, કે તેની પાસે "કંપલીટ સીવવાનાં સાંચા" આવ્યા છે. તેની કીંમત ફક્ત દોઢ રૂપીઓ છે! તે રોકડા મોકલવાથી સાંચો મોકલી આપવામાં આવશે. આ જાહેર ખબર, વાંચીને બહાર ગામનાં કેટલાક લોકે પૈસા મોકલી આપ્યા. તેનાં બદલામાં તે લોકને એકેકું પારસલ મળ્યું. જેમાં એક સોય, દોરાની એક દડી, અને એક સાધારણ કાતર, એટલું બાંધેલું હતું!

દરદનું કારણ-૧૬૮.

દોસ્ત--કેમ મારા ફ્રેંડ, તું કેમ છે?

દરદી--ઠીક નહીં. કંઇ તબીએત ઠેકાણે આવતીજ નથી.

દોસ્ત--તો ઠેકાણે કયાંથી આવે ભાઇ! મેં સાંભળ્યું છે, કે તને ડાકટરે દરરોજ એક ગલાસ દારૂ, પીવા કહ્યું હતું. તેનાં બદલે રોજ રાતનાં પાંચ ગલાસ પીએ છે.

દરદી--કોણે કહ્યું? મેં અવાર નવાર, પાંચ ડાક્ટરને સલાહ લેવા બોલાવ્યા, અને તે દરેક જણે મને એક એક ગલાસ દારૂ પીવા કહ્યું, તો તે બધાં મળીને પાંચ ગલાસ થયાં કે નહીં?

તારૂં તે મારૂં, અને મારૂં તો

વેપારી વર—એનું સત્યાનાસ થાય, ઉઘરાણી કરતાં કરતાં મારા માણસનાં જોડે. પણ બધાજ લાકડાં! એવા માણસોને તો કો અહાસે ઉભા નહીં રાખવા જોઇએ.

વેપારી વર—એમ પોતાની ધણીઆણી આગળ થાય છે. એવામાં ઇરાની ચાકર આવી બોલ્યો. "જી દાનાવાલો આવીચ, તે કેચ કે, વીસ વખત ઉઘરાણી કીર ને હજુ રૂપીઆ નહીં આપેચ, કાહારે આપશે?

વેપારી શેઠ—જમશેદ, જા જરા પટાવીને કાહાર, કે બે ચાર દહાડા રહીને આવજે.

જંગી શીકારી–૧૭૦.

એક મીયાં છાંટુખાં, પોતાની વડાઇનાં ગપ્પા મારવામાં એકકો હતો. એક દહાડો પાસેનાં ગામડામાં પોતાને સાસરે તેનું જવું થયું. તેની સાસુ કુવે પાણી ભરવા ગઈ હતી, જેથી દરવાજા પાસે પડેલા ઢોલીઆ પર છાંટુખાં બેઠો. એવામાં ત્યાંથી એક ઉંદર નીકલ્યો, જેને છાંટુખાંએ દોડાદોડ કરીને લાકડીએ મારી નાંખ્યો, અને તે મુવેલા ઉંદરને જાણી જોઇને દરવાજાની પાસે રાખીને કુછ મરડતો બેઠો. થોડીવારમાં તેની સાસુ માથે પાણીનું બેડું લઇને આવી લાગી.

, ખામુખા મોટેથી પુછવા લાગી.
?" મીયાં છાંટુખાંની બહાદુરી કારગત
ફુલી ગયો, અને હલો થઈ મુછ મરડીને .
તો બક્કાલકુને, પર જશ તો તેરે જમાઇકો
ુએ તરત જમાઇનાં ઓવારણાં લીધા !

જાત જાતનાં ગધેડા-૧૭૧.

કાઠીઆવાડનાં વેનકરસા ગામમાં એક નાનાભાઇ નાના ખોજો રેહતો હતો, તેનામાં મીઠાની (અકકલની) તાણ હતી, તેથી લોકો તેને નાનીઓ ગદ્યો કહીને બોલાવતા હતા.

વખત જતાં નાનીઆ ગદ્યાનું નસીબ જાગ્યું. અને તેને કોઇક ઠેકાણેથી આઇતો ડલો હાથ લાગી ગયો. તેની બઈરી ચાલાક હતી, તેણે ધીમે ધીમે વાડી, વજીફો, ખરીદ કીધો. અને અમન ચમનથી રેહવા લાગ્યા. પૈસાને લીધે લોકોમાં ગણુતી થવા લાગી. અને હવે તેને લોકો નાનજીભાઈ, એવા મોટા નામથી બોલાવવા લાગ્યા. પણ પાછળ તો પોત પોતામાં તેને નાનીઓ ગદ્યોજ કેહુતા હતા. કારણકે એક વખત જે છાપ પડી, તો તે ધોવાઈ જતી નથી.

નાનજીભાઈ, પોતા પર પડેલી છાપ સદંતર વીસરાવી દેવાને માટે બીજા કોઇ ગામે ચાલી જવા નીકળ્યો. રસ્તામાં તેને તરસ લાગી, અને તેથી તે એક વાડીમાં કે જ્યાં કોસ

ફરતો હતો, ત્યાં પાણી પીવ
જતું હતું, તેથી તે પરનાલ
ફેરવી. તેથી પરનાલમાંનું બ
ગયું, નાનજીભાઈ બધો ભીંજા
તરબોળ થઇ ગયાં, તેની આ કુ
કહ્યું—"અહ્યા ગદ્દધા, આમ તે

નાનજીભાઈ અજબ થયો, અને
"અહ્યા હું ગદ્દધો છું, તે તને કોણે

માળીએ જવાબ દીયો—"કોણ
જણાયજ છે, કે તું ગદ્દધોજ છે."

નાનજીભાઈએ વિચાર કીધો, કે હું ગધે
સાફ દેખાઈ આવે છે. ત્યારે બીજા ગામમાં
એથી તેણે બીજે ગામ જવાનું માંડી વાળ્યું.
ત્યાંજ રહયો.

નાનજીભાઈ અચરત થાય છે, કે મને નથી
કે નથી પુછડું, કે નથી લાંબા કાન, તોપણ લોકે
ગધેડા કેમ કહે છે!!

પરીક્ષામાં સવાલ-૧૭૨.

૧—કાકાની બૈરી કાકી, અને મામાની બૈરી મામી,
ગણાય, તો સાળાની બૈરી સાળી કેમ નહીં?

.વકી મા થાય, સાવકી બેન
સાવકો છોકરો પણ થાય,
.ીરી સાવકી બકરી કેમ નહીં ?
.ીને માજી કેહતાં રાજી થાય
.તાં કેમ રાજી નહીં ?

મોંહકાણુ—૧૭૩.

ગાંધીની દુકાનેથી મરી લઇને જતી હતી, લાગવાથી વેરાઇ ગયાં. તેથી તે વીણવા માટે સીને રડતી રડતી કહે છે. કે "મારાં મરી .ાં મરી ગયાં !

.નું આમ રડવું સાંભળી, એક મસકરાએ સુચવ્યું, .ામાં શું રડો છો, તમારાં મરી ગયાંની મોંહકાણ .ને માંડો.

ડોસીએ ફફડી ચટકીને કહ્યું, કે "મોંહકાણ મંડાયની .ર ઘેરે." અહીં કોને કહે છે ? હું તો ગાંધીની દુકાનથી .નરી લઇ જતી હતી, પણ મારો પગ સરી જવાથી હું પડી ગઇ, અને મારાં મરી બધાં વેરાઈ ગયાં, તેને માટે હું તો રડું છું.

હયાતી જોઇએ—૧૭૪.

વેણીલાલ વાણીઓ, અને તેની ધણીઆણી ધનકોર બંને

ધર્મચુસ્ત હતાં. અને તે
સંતાનનું સુખ ન હતું. વાંઝ
વીગેરે અનેક ઉપાય તેમણે કર
થઇ. શેઠાણીને દહાડા રહયા
અવતરી. લાડમાં તે છોકરીન
છોકરી પેદા થવાથી બંને ઘણ
કાઢવા લાગ્યા. પણ નસીબ
કેમકે તે ગામમાં રોગ
પામી. તેનાં મરણથી વે
દુઃખ ઉપજ્યું. પણ ઇશ્વ
તીને ઠેકાણે પાડી આ
હોવાથી વારે ઘડીએ મે
ફજેતી, ઓ મારી ફ
શાંત રહેવાયું નહીં,
હાલાં, અને મીત્રો
લાગ્યા, અલી, છાની
રડ નહીં. તું અને હું

૨

અંટોલદાસ એ
વીશીવાળ

જરા ગુસ્સે થઇને બોલ્યો.
…તો જમ્યો એ નથી, ને
કોઇ ભામટો બામટો મને

…એ કહ્યું, ભામટો બામટા
માણુસે અહીં જમતાં જમતાં
…ણુ પાડ્યો. અને મારા પૈસા
પૈસા માંગું છું.

ડી. ૧૭૬.
આંધળો, બહેરા, લંગડો,
રમાસુ માણસો ભેગા થઇને
…માં ભાષણ ચલાવ્યું.
…છે, તે હું સાફ દેખું છું.
…, તેનો તો હું અવાજ

ને જોઇ પણ આવ્યો.
કે હું તમોને પક-

…સુક સુક, મારાં તો કપડાં